# ધોરણ - ૧૦

# વિષય – સંસ્કૃત

# સ્વાધ્યાય

## પાઠ – 7

## सुभाषितकुसुमानी



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# भाषितकुसुमानि

1) પૃથ્વી ઉપર કેટલાં રત્નો હોવાનું માનવામાં આવે છે? કયા કયા?
→ ત્રણ. જળ, અન્ન અને સુભાષિત

2) સુભાષિતનો અર્થ આપો.
→ સુભાષિત એટલે સારી કે સુસંસ્કૃત ભાષા.

3) સુભાષિતનો શાબ્દિક અર્થ જણાવો.
→ મુક્તક

• સુભાષિત-1 શબ્દાર્થ

सद्भिः :- સજ્જન
लीलया - રમતમાં / મજાકમાં
प्रोक्तम् - કહેલું
शिला - પથ્થર
शपथेन - સોગંદપૂર્વક

અનુવાદ:

સજ્જન વ્યક્તિઓનું રમત રમતમાં કહેલું પણ પથ્થર પરના અક્ષર જેવું હોય છે જ્યારે દુષ્ટ વ્યક્તિઓનું સોગંદપૂર્વક કહેલું પણ પાણી પરના અક્ષર બરાબર હોય છે.

Scanned with OKEN Scanner

* सुभाषित-2 શબ્દાર્થ

सेवितव्यो - સેવન કરવું જોઈએ
समन्वितः - થી યુક્ત
यदि - જો
दैवात - ભાગ્ય વશાત
निवार्यते - રોકી શકે છે.

અનુવાદ :
ફળ અને છાયાથી યુક્ત એવા મોટા વૃક્ષનું સેવન કરવું જોઈએ. જો ભાગ્ય વશાત ફળ ન આપે તો પણ તેની છાયાને કોણ રોકી શકે છે?

* सुभाषित-3 શબ્દાર્થ

आरोप्यते - ઉપર ચઢાવવામાં આવે છે.
शिला - પત્થર
शैलः - પર્વત
यत्नेन - પ્રયત્નોથી
महता - વધારે
निपात्यते - નીચે પાડવામાં આવે છે.

અનુવાદ :
જેમ ખૂબ જ પ્રયત્નોથી પથ્થરને પર્વત પર ચડાવવામાં આવે છે પરંતુ તેને ક્ષણ માત્રામાં નીચે પાડી શકાય છે. તેવી જ રીતે ગુણદોષની બાબતમાં પણ છે.

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



- સુભાષિત -4 શબ્દાર્થ

રૂષ્ટ :- ક્રોધી / રીસાયેલું
તુષ્ટ :- મનાયેલું
ક્ષણે - ક્ષણ માત્રમાં
ચિત - મન
પ્રસાદ :- કૃપા / દયા
પ્રાસાદ :- મહેલ ભવન

અનુવાદ :-
થોડીવાર રીસાયેલા અને થોડીવારમાં મનાયેલા આમ વારંવાર રીસાતા અને મનાતા એવા અવ્યવસ્થિત મનવાળાની કૃપા પણ ભયંકર હોય છે.

- સુભાષિત-5 શબ્દાર્થ

ચતુર્ભિ :- ચાર રીતથી
કનકં - સોનું
પરીક્ષ્યતે - પરીક્ષા કરવામાં આવે છે.
નિઘર્ષણ - ઘસવાથી
છેદન - કાપવાથી
તાપ - તપાવવાથી
તાડન - ટીપવું
શ્રુતન - જ્ઞાનની
શીલ :- ચારિત્ર્ય

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



અનુવાદ :
હસવું, કાપવું, તપાવવું અને ટીપવું આમ ઉપરોક્ત ચાર ક્રિયાઓથી જેમ સોનાની પરીક્ષા થાય છે. તેમજ જ્ઞાનની, ચારિત્ર્યથી, ગુણથી અને કર્મથી આ ચાર બાબતોથી પુરુષની પરિક્ષા થાય છે.

• સુભાષિત-6 શબ્દાર્થ

आपत्सु - આપત્તિમાં
समरः - યુધ્ધ
नयः - નિતીમાં
विक्रान्तः - પરાક્રમ
आञ्जनेय ः- હનુમાન
भव ः- થજે

અનુવાદ :
આપત્તિમાં રામ, યુદ્ધમાં ભીમ, દાનમાં કર્ણ, નીતિમાં કૃષ્ણ, પ્રતિજ્ઞા પાલનમાં ભિષ્મ અને પરાક્રમી કાર્યમાં હનુમાનજી થજે.

• સુભાષિત-7 શબ્દાર્થ

खलु - ખરેખર
प्रारभ्य - શરૂ
विरमन्ति - છોડી દે છે
न परित्यजन्ति - ક્યારે છોડતા નથી

Scanned with OKEN Scanner

અનુવાદ :

વિઘ્નના ભયથી નીચ માણસો વડે ખરેખર કાર્યનો આરંભ કરાતો નથી, કાર્ય શરૂ કરીને વિઘ્નોથી હેરાન-પરેશાન થતા મધ્યમ પ્રકારના માણસો વચ્ચે જ અટકી જાય છે અને વિઘ્નોથી ફરી ફરીને હેરાન થવા છતાં ઉત્તમ પ્રકારના માણસો આરંભેલું કાર્ય છોડી દેતા નથી.

## स्वाध्याय

પ્ર.1. अधोदत्तेभ्य: विकल्पेभ्य: समुचितम् उत्तरं चित्वा लिखत ।

1) सद्भि: भीमया प्रोक्तं कीदृशम् ?
→ अचलम्

2) महता यत्नेन शिला कुत्र आरोप्यते ?
→ शैले

3) अव्यवस्थितचित्तस्य प्रसाद: कीदृश: ?
→ भयङ्कर:

4) पुरुष: केन परीक्ष्यते ?
→ शीलेन

5) ...... कर्ण: भव ।
→ दानेषु

Page
Date

6) पिकान्तकार्येषु....... भव।
→ आभ्जनेय:

7) के: कार्यं न प्रारभ्यते ?
→ नीचै:

8) के कार्य प्रारभ्य न परित्यजन्ति ?
→ उत्तमजना:

प्र. 2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत।

1) कै: प्रोक्तं जले लिखितमक्षरं भवति ?
→ असद्भि: प्रोक्तं जले लिखितमक्षरं भवति।

2) शिला कथं शैले आरोप्यते ?
→ शिला महता यत्नेन शैले आरोप्यते।

3) गुणेन क: परीक्ष्यते ?
→ गुणेन पुरुष: परीक्ष्यते।

4) कार्यं प्रारभ्य के परित्यजन्ति ?
→ कार्यं प्रारभ्य मध्यमजना: परित्यजन्ति।

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



प्र. 4. प्रश्नानाम् उत्तराणि गुर्जरभाषायां लिखत ।

1) સુવર્ણની પરીક્ષા કઈ કઈ રીતે થાય છે?
→ સુવર્ણની પરીક્ષા ચાર ક્રિયાઓ વડે થાય છે: (1) ઘસવાની ક્રિયાથી; સોની સુવર્ણને કસોટી પથ્થર પર ઘસીને કેટલા ટચનું છે એ શોધી કાઢે છે. (2) કાપકૂપ કરવાથી; સોની સુવર્ણને કાપીને તેની પરીક્ષા કરે છે. (3) તપાવવાથી; સોની સુવર્ણને તપાવીને તેની શુદ્ધતા પરખે છે. (4) ટીપવાથી; સોની સુવર્ણને ટીપીને તેની પરીક્ષા કરે છે.

2) આપત્તિમાં અને પ્રતિજ્ઞાપાલનમાં કોને આદર્શ માનવા જોઈએ? શા માટે?
→ આપત્તિઓમાં શ્રીરામને અને પ્રતિજ્ઞાપાલન કરવામાં ભીષ્મપિતામહને આદર્શ માનવા જોઈએ.

શ્રીરામે પોતાના પિતા દશરથના વચન ખાતર રાજ્યનો ત્યાગ કરીને ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો હતો અને અનેક કષ્ટો સહન કર્યા હતાં. અને પ્રતિજ્ઞાપાલનમાં ભીષ્મ આદર્શ ગણાય છે. દેવવ્રતના પિતા રાજા શાંતનુને સત્યવતી (મત્સ્યગંધા) સાથે પરણવું હતું. સત્યવતીના પિતાની માગણીથી, સત્યવતીના પુત્રને ગાદી મળે તે માટે, દેવવ્રતે આજન્મ બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. આવી કઠોર પ્રતિજ્ઞા લેવાથી જ દેવવ્રત 'ભીષ્મ' તરીકે ઓળખાય છે.

प्र. 5. 1) यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते श्रुतेन शीलेन गुणेन कर्मणा ।।

અનુવાદ: જે પ્રમાણે ઘસવું, કાપવું, તપાવવું અને ટીપવું એ ચાર ક્રિયાઓથી

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



સુવર્ણ પરખાય છે. (તે પ્રમાણે જ્ઞાન, ચારિત્ર્ય, ગુણ અને કર્મ એ ચાર વડે માણસની પરીક્ષા થાય છે.)

અર્થવિસ્તાર: પ્રસ્તુત સુભાષિતના પૂર્વાર્ધમાં સુવર્ણને કઈ રીતે પરખવામાં આવે છે તે દર્શાવ્યું છે. સોની સુવર્ણને ઘસીને તે કેટલા રંગનું છે એ ભાળે છે પછી કાપકૂપ કરીને તેને અગ્નિમાં તપાવીને તેને યોગ્ય રીતે ટીપીને તેની પરીક્ષા કરે છે. શ્લોકના ઉત્તરાર્ધમાં સુવર્ણની માફક જ માણસની પરીક્ષા જ્ઞાન, ચારિત્ર્ય, ગુણ અને કર્મ એ ચાર બાબતોથી કરી શકાય છે, એમ જણાવ્યું છે. કોઈ પણ મનુષ્યની કિંમત તેની ધનસંપત્તિ કે સત્તા વડે નહીં, પરંતુ તેના ગુણોથી પરખાય છે. તેનામાં રહેલા શીલ, સદ્દગુણ અને જ્ઞાનથી તે લોકોમાં પૂજનીય અને આદરપાત્ર બને છે. આમ, સાચા મનુષ્યની કસોટી આ ચાર સદ્દગુણો વડે થાય છે.

સુવર્ણની માફક ચાર પ્રકારે પરખાયેલો વ્યક્તિ જ ભુવનમાં ઉન્નતિનાં ઉચ્ચ શિખરો સર કરી શકે છે અને જનસમુદાયમાં - સમાજમાં અત્યંત માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

2) सेवितव्यो महावृक्षः फलच्छाया - समन्वितः ।
यदि दैवात्फलं नास्ति छाया केन निवार्यते ॥

અનુવાદ: ફળ અને છાયાવાળા વિશાળ વૃક્ષનું સેવન કરવું જોઈએ. જો ભાગ્યજોગે ફળ ન હોય તો છાયાને કોણ અટકાવી શકે છે?

અર્થવિસ્તાર: ફળો અને છાયાવાળા વિશાળ ઘટાદાર વૃક્ષનું સેવન કરવાથી તેમાં મધુર ફળોનો અને તેની છાયાનો લાભ મળે છે. જો તે વૃક્ષમાં ફળો ન આવતાં હોય તોપણ છાયા તો હોય જ. તે છાયામાં વિસામો લઈને શાંતિ

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

મેળવી શકાય છે. આમ, મહાવૃક્ષની વાત કરીને કવિ મહાવૃક્ષ જેવા સમૃદ્ધ મહાપુરુષનું શરણ લેવાનું કહે છે. એવા મહાપુરુષનું શરણ લેવાનું કહે છે. એવા મહાપુરુષનો આશ્રય લેવાથી જરૂર લાભ થાય છે.

પ્રસ્તુત સુભાષિતમાં અન્યોક્તિ વડે મનુષ્યને બોધ આપવામાં આવ્યો છે કે શરણ આપનાર પાસે ધનસંપત્તિ ન હોય તેથી તેનો ત્યાગ કરવો ઉચિત નથી. ધન ન હોય પરંતુ તેમની પાસે જ્ઞાન તો હોય જ છે, ભાગ્યને કારણે મહાપુરુષો કે સજ્જનો આપત્તિમાં આવી પડ્યા હોય તોપણ પોતાને શરણે આવેલા લોકોને તે સુખ, શાંતિ અને જ્ઞાન તો આપે જ છે.

પ્ર. 6. શ્લોકપૂર્તિ કુરુત

आपत्सु रामः........ भवाञ्जनेयः॥

आपत्सु रामः समरेषु भीमः
दानेषु कर्णश्च नयेषु कृष्णः।
भीष्मः प्रतिज्ञापालनेषु
विक्रान्तकार्येषु भवाञ्जनेयः॥

Scanned with OKEN Scanner

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com · The King of Education


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર
૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લિકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION